# ભૂગોળશાસ્ત્રી/ભૂગોળવેત્તા

ભૂગોળશાસ્ત્રી પૃથ્વી અને તેની જમીન, તેના રહેવાસીઓ તથા આ નિવાસીઓ તેમની આસપાસના વાતાવરણ સાથે પરસ્પર કેવી ક્રિયાપ્રતિક્રિયા કરે છે તેનો અભ્યાસ કરે છે. કુદરતી ઘટનાઓના વ્યાપક જ્ઞાન સાથે, તેઓ પેટર્નને ઓળખે છે અને વિવિધ કુદરતી ઘટનાઓ અને માનવ વર્તણૂકો કેવી રીતે પૃથ્વીની આસપાસના વાતાવરણ, પાણીમાં રહેનારા સજીવો, પ્રાણીઓ તેમજ વનસ્પતિના રહેઠાણો સહિત જૈવિક પરિસ્થિતિતંત્રને અસર કરી શકે છે તે વિશે આગાહી કરે છે. ભૂગોળશાસ્ત્રીઓના બે મુખ્ય પ્રકારો માનવ ભૌગોલિક અને ભૌતિક ભૂગોળશાસ્ત્રીઓ છે. ભૂગોળશાસ્ત્રીઓ તેમના કાર્યમાં અનેક તકનીકોનો ઉપયોગ કરે છે, જેવી કે જી.આઈ.એસ., રિમોટ સેન્સિંગ અને ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમ્સ (જી.પી.એસ.).

## વ્યક્તિગત નિપુણતા

- તમે ભૂગોળમાં રૂચિ ધરાવો છો
- તમને ડેટાનું વિશ્લેષણ અને અર્થઘટન કરવું ગમે છે
- તમે કમ્પ્યુટર અને અન્ય ટેકનોલોજી સાથે સહજ રીતે કામ કરી શકો છો
- તમે એક કુશળ સંવાદકર્તા છો



આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૩,૦૦૦ થી ૧,૫૦,૦૦૦* જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. ભૂગોળના વિષય સાથે કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. ભૂગોળ / પૃથ્વી વિજ્ઞાનમાં સ્નાતક (B.Sc. / BA)ની ડિગ્રી મેળવો, ત્યારબાદ કાર્ટોગ્રાફી / શહેરી અને નગર આયોજન / પ્રાદેશિક આયોજન / ફિઝિયોગ્રાફી/ ક્લાઈમેટોલોજી વિષય સાથે અનુસ્નાતકની ડિગ્રી પ્રાપ્ત કરો.

**અથવા**

ભૂગોળ / પૃથ્વી વિજ્ઞાનમાં સ્નાતક (B.Sc. / BA)ની ડિગ્રી મેળવો, ત્યારબાદ કાર્ટોગ્રાફી / શહેરી અને નગર આયોજન / પ્રાદેશિક આયોજન / ફિઝિયોગ્રાફી / ક્લાઈમેટોલોજી વિષય સાથે અનુસ્નાતકની ડિગ્રી પ્રાપ્ત કરો અને ત્યારબાદ સંબંધિત વિષયમાં Ph.D કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહીં આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

ભૂગોળશાસ્ત્રીનું અંદાજીત માસિક વેતન
રૂ. ૭૫,૦૦૦ થી ૧,૩૦,૦૦૦* જેટલું હોય છે.

સ્ત્રોત:https://www.salaryexpert.com/salary/job/geographer/india/

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** રાજ્ય/સ્થાનિક સરકાર, આર્કિટેક્ચરલ અને એન્જિનિયરીંગ ફર્મ્સ, શાળાઓ, કોલેજો, સંશોધન સંસ્થાઓ વગેરે.

**કાર્યસ્થળનું વાતાવરણઃ** ફિલ્ડવર્ક માટે તમારે મુસાફરી કરવી પડી શકે છે. તમે ડેટા એકત્ર કરવા અને ભૌગોલિક સુવિધાઓ, જેમ કે લેન્ડસ્કેપ અને પર્યાવરણનું અવલોકન કરવા માટે વિદેશની અથવા દૂરસ્થ સ્થાનોની મુસાફરી કરી શકો છો.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે

## અપેક્ષિત પ્રગતિ પથ

સર્વેયિંગ અને મેપિંગ ટેકનિશિયન → પ્રોફેશનલ લેન્ડ સર્વેયર → જી.આઈ.એસ. સુપરવાઈઝર → સર્વે મેનેજર → વાઇસ પ્રેસિડેન્ટ અથવા
કાર્ટોગ્રાફિક ટેકનિશિયન → જી.આઈ.એસ. સ્પેશિયાલિસ્ટ → જી.આઈ.એસ. સુપરવાઈઝર → સર્વે મેનેજર ? વાઇસ પ્રેસિડેન્ટ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ ભૂગોળ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. મિરાન્ડા હાઉસ કોલેજ, નવી દિલ્હી
૨. એમ.એસ.યુ., વડોદરા
૩. પ્રેસિડેન્સી કોલેજ, ચેન્નાઈ
૪. મોહમ્મડન એંગ્લો ઓરિએન્ટલ કોલેજ, નવી દિલ્હી
૫. ગોખલે મેમોરિયલ ગર્લ્સ કોલેજ, કોલકાતા
૬. એમ.કે.બી.યુ., ભાવનગર
૭. લેડી બ્રેબોર્ન કોલેજ, કોલકાતા
૮. નિઝામ કોલેજ, હૈદરાબાદ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. સિમ્બાયોસિસ કોલેજ ઓફ આર્ટસ એન્ડ કોમર્સ, પુણે
૨. એન.આઈ.એમ.એસ. યુનિવર્સિટી, જયપુર
૩. શ્રી એચ.કે. આર્ટસ કોલેજ, અમદાવાદ
૪. નોઇડા ઇન્ટરનેશનલ યુનિવર્સિટી, ગ્રેટર નોઇડા
૫. નિરમા યુનિવર્સિટી, અમદાવાદ
૬. ફર્ગ્યુસન કોલેજ, પુણે
૭. સેન્ટ ઝેવિયર્સ કોલેજ, રાંચી
૮. પી.ડી.ઈ.યુ., ગાંધીનગર

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમઃ https://onlinecourses.swayam2.ac.in/cec20_hs32/preview
- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in

* એન.પી.ટી.ઈ.એલ.-નેશનલ પ્રોગ્રામ ઇન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

જિઓગ્રાફર, કાર્ટોગ્રાફર, ટોપોલોજી

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**અનુ કપૂર** દિલ્હી સ્કૂલ ઓફ ઈકોનોમિક્સ, દિલ્હી યુનિવર્સિટી, ભારત ખાતે ભૂગોળના પ્રોફેસર છે. તેણી ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ એડવાન્સ્ડ સ્ટડીઝ, શિમલા, ભારતના ફેલો પણ છે અને નેહરુ મેમોરિયલ મ્યુઝિયમ એન્ડ લાઈબ્રેરી, નવી દિલ્હીના વરિષ્ઠ ફેલો છે. તેણી વર્ષ ૨૦૧૨માં ભારતીય સામાજિક વિજ્ઞાન સંશોધન પરિષદ, નવી દિલ્હીના પ્રતિષ્ઠિત સામાજિક વૈજ્ઞાનિકો માટેના અમર્ત્યસેન પુરસ્કારના પ્રાપ્તકર્તા છે. તેણીના રસના ક્ષેત્રો ભારતમાં ભૂગોળ અને ભારતની ભૂગોળ છે. તેણીએ સ્નાતક અને અનુસ્નાતક એમ બંને અભ્યાસક્રમમાં ભૂગોળનો અભ્યાસ કર્યો હતો અને પછી તે જ ક્ષેત્રમાં પી.એચ.ડી.ની પદવી હાંસલ કરી હતી. *

સ્રોતઃhttps://sites.google.com/geography.du.ac.in/web/people/faculty-members/prof-anu-kapur

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.